ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૨/૧૯–૨૦/ 539 તારીખ : 30 JAN 2020

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**મે. અમર માઈન કેમ ઈન્ડ.,**
૧૨૫/૧, જી.આઈ.ડી.સી.,
ચિત્રા, ભાવનગર.
મો. નં. ૯૪૨૭૨ ૧૧૭૯૯.

કેસ નં.૭૨/૧૯–૨૦

**વિષય : વર્ષ ૨૦૧૭–૧૮ ના ઓડીટ રીકવરીની રકમ બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૭.૦૯.૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૨/૧૯–૨૦/૩૯૦૯ તા.૦૪/૧૦/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૨/૧૯–૨૦/૪૩૨૩ તા.૦૧/૧૧/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૩/૧૧/૨૦૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ભાવનગર શહેર–૨.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ચિત્રા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૭૨/૧૯–૨૦** ☜

વાદી :– મે. અમર માઈન કેમ ઈન્ડ.

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– ૧૩.૧૧.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી પ્રકાશભાઈ એચ. પારેખ – (વાદીનાં અધિકૃત પ્રતિનીધી)

પ્રતિવાદી :– શ્રી પી. જી. પરીખ, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર. (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મે. અમર માઈન કેમ ઈન્ડ., મુ.ભાવનગરની વર્ષ ૨૦૧૭–૧૮ ના ઓડીટ રીકવરીની રકમ બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૨/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૭૨/૧૯–૨૦/૩૯૦૯ તા.૦૪.૧૦.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૩.૧૧.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી વતી તેમના અધિકૃત પ્રતિનીધી શ્રી પ્રકાશભાઈ એચ. પારેખ હાજર રહેલ છે તથા પ્રતિવાદી તરફે શ્રી પી. જી. પરીખ, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો ચિત્રા સબ ડીવીઝનમાં અમર માઈન–કેમ ઈન્ડ. પ્રો. મહેશકુમાર હીરાલાલ પારેખનાં નામે ઈન્ડસ્ટ્રીયલ કનેકશન ધરાવતાં હતાં, જેની વિગત નીચે મુજબ છે.

ઈન્ડ. કને. નં.૮૧૫૨૬/03130/2

કનેકશન તા.૨૧.૦૪.૨૦૧૫

કનેકશન તા.થી લોડ ૮૦ KW

૧.૨ અમોએ સપ્ટેમ્બર–૨૦૧૮ માં ૮૦ KW માંથી ૯૦ KW કરાવેલ એટલે કે, ૧૦ KW નો વધારો કરાવેલ. ત્યારબાદ અમોએ ઉપરોકત કનેકશનની જરૂરીયાત ન હોવાથી માર્ચ–૨૦૧૯ માં કનેકશન કાયમી ધોરણે કપાત કરવા માટે અરજી આપેલ, જે કનેકશન તા.૧૮.૦૩.૧૯ ના રોજ કાયમી ધોરણે કપાત કરવામાં આવેલ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ ઉપરોક્ત કનેકશન કાયમી ધોરણે કપાત કર્યા પછી લગભગ ૩ મહીને તા.૨૪.૦૬.૧૯ ના રોજ એપ્રિલ–૧૯ થી ઓગસ્ટ–૨૦ એટલે કે ૧૭ મહીનાનું ૯૦ KW મુજબનું રૂા.૧,૬૦,૦૯૭–૫૦ નું ઓડીટ બીલ ચિત્રા સબ ડીવીઝન તરફથી અમોને આપવામાં આવેલ, જેની કોપી આ સાથે સામેલ છે.

૧.૪ આ માટેની અમારી વાંધા અરજી અમોએ ચીત્રા સબ ડીવીઝનને તા.૨૫.૦૬.૧૯ ના રોજ આપેલ, જેની કોપી આ સાથે સામેલ છે.

૧.૫ ચીત્રા સબ ડીવીઝને અમારી વાંધા અરજીનો જવાબ લગભગ ૩ મહીના પછી તેના પત્ર નં.સીએસડી/એસ્ટા/ટેક/રેવ/૪૮૯૦ તા.૧૨.૦૯.૧૯ થી આપીને અમોને જણાવેલ છે કે સદર બીલ જી.ઈ.આર.સી.ના સપ્લાય કોડ નં.૨૦૧૫ ની કલમ નં.૪.૧૦૨ મુજબ આપને ભરવાપાત્ર થાય છે. આ પત્ર પણ ચીત્રા સબ ડીવીઝનથી તા.૨૧.૦૯.૧૯ ના રોજ રૂબરૂ મળેલ છે.

૧.૬ ચીત્રા સબ ડીવીઝનને સપ્લાય કોડના કલમનું ખોટુ અર્થઘટન કરેલ છે. અમો કનેકશન લીધાના ૪૦ મહીના સુધી એટલે કે ૨ વર્ષથી વધારે સમયગાળાથી પીજીવીસીએલના ગ્રાહક હતાં, જેથી ૨ વર્ષનો એગ્રીમેન્ટ પીરીયડ પુરો થઈ જાય છે.

૧.૭ અમોએ કનેકશન લીધાના ૪૦ મહીના પછી એટલે કે સપ્ટેમ્બર–૧૮ માં ૧૦ KW નો વધારો કરાવેલ. લોડ વધારો કર્યાની તારીખથી ૭ માસ સુધી ૯૦ KW (૮૦ + ૧૦ લોડ વધારો) મુજબનું બીલ ભરેલ છે. કલમ ૪.૧૦૨ મુજબ અમારે બાકી રહેતા ૫ માસ માટે ૧૦ KW મુજબ જ વસુલાત થઈ શકે, ૯૦ KW મુજબ ૧૭ માસની રીકવરી ન થઈ શકે.

૧.૮ અમોને જી.ઈ.આર.સી.ના નિયમનું ખોટું અર્થઘટન કરીને આપવામાં આવેલ બીલ મંજુર નથી તો તેનું ફરીથી યોગ્ય અર્થઘટન કરી, બીલ આપવા યોગ્ય કરશો એવી નમ્ર અરજ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ ચિત્રા સબ ડીવીઝનનાં કાર્યક્ષેત્રમાં આવેલ પ્લોટ નંબર ૧૨૫/૧, જી.આઈ.ડી.સી. ચિત્રાના મે. અમર માઈન કેમ ઈન્ડસ્ટ્રીઝ, ગ્રાહક નંબર ૮૧૫૨૬/૦૩૧૩૦/૨ દવારા તા.૨૧.૦૪.૨૦૧૫ વીજજોડાણ ધરાવતા હતા, જોડેલ વીજભાર ૮૦ કી.વો. હતો.

૨.૨ સપ્ટેમ્બર–૨૦૧૮ માં ૧૦ કી.વો.નો લોડ વધારો કરવામાં આવેલ, જે મુજબ કુલ વીજભાર ૯૦ કી.વો. કરવામાં આવેલ હતો.

૨.૩ ત્યારબાદ વીજજોડાણની જરૂર ન હોવાથી વાદીની અરજી મુજબ તા.૧૮.૦૩.૨૦૧૯ ના રોજ કાયમી ધોરણે રદ કરવામાં આવેલ.

૨.૪ જેમાં ઓગસ્ટ–૨૦૧૮ થી થયેલ વીજભાર વધારામાં તા.૧૮.૦૩.૨૦૧૯ ના રોજ પીડીસી થયેલ હોવાથી, વીજભાર વધારાના એગ્રીમેન્ટ મુજબ એપ્રિલ–૧૯ થી ઓગસ્ટ–૨૦૨૦ ના બે વર્ષના એગ્રીમેન્ટ મુજબ ખુટતા સમયગાળાના ૧૭ માસનો કુલ વીજભાર ૯૦ કી.વો. પર મીનીમમ ચાર્જ ની રીકવરી કાઢવામાં આવેલ હતી. જે મુજબ વાદીશ્રી ને તા.૨૪.૦૬.૨૦૧૯ ના રોજ રૂા.૧,૬૦,૦૯૭.૦૦ નું ઓડીટ પારા મુજબનું સપ્લીમેન્ટરી બીલ આપવામાં આવેલ.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૫ ઓડીટ રીકવરી, બોટાદ વર્તુળ કચેરીની ટીમ દવારા ચિત્રા પેટા વિભાગીય કચેરીનું વર્ષ ૨૦૧૭–૨૦૧૮ ના સમયગાળાનું ઓડીટ કરવામાં આવેલ. મે. અમર માઈન કેમ ઈન્ડસ્ટ્રીઝ, ગ્રાહક નં.૮૧૫૨૬/03130/૨ એલ.ટી.એમ.ડી. માં તા.૧૮.૦૩.૨૦૧૯ ના પી.ડી.સી. પછી એપ્રિલ–૨૦૧૯ થી ઓગસ્ટ–૨૦૨૦ સુધીનો ૧૭ માસનો ૯૦ કી.વો.૫૨ મીનીમમ ચાર્જ જેની રકમ રૂા.૧,૬૦,૦૯૭.૦૦ નું ઓડીટ પારા મુજબ સપ્લીમેન્ટરી બીલ તા.૨૪.૦૬.૨૦૧૯ ના રોજ આપવામાં આવેલ છે.

૨.૬ જે જી.ઈ.આર.સી. સપ્લાય કોડ ૨૦૧૫ ની કલમ ૪.૧૦૨ મુજબ યોગ્ય તેમજ ભરવાપાત્ર છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર મે. અમર માઈન કેમ ઈન્ડસ્ટ્રીઝના નામનું ૯૦ KW નું થ્રી ફેઈઝ LTMD ટેરીફ હેઠળ વીજજોડાણ ગ્રાહક નં.૮૧૫૨૬/03130/૨ થી જી.આઈ.ડી.સી., ચિત્રામાં ધરાવે છે.

૩.૨ વાદીને વીજસ્થાપનનું ૮૦ KW નું વીજજોડાણ પ્રતિવાદીએ તા.૨૪.૧૦.૨૦૧૫ ના રોજ આપેલ ત્યારબાદ સપ્ટેમ્બર–૨૦૧૮ માં વાદીએ ૧૦ KW નો લોડવધારો કરી ૯૦ KW નું વીજજોડાણ કરાવેલ.

૩.૩ વાદીની માર્ચ–૧૯ માં કાયમી ધોરણે રદ કરાવવા માટેની અરજી પરથી પ્રતિવાદીએ વાદીનું ૯૦ KW નું વીજજોડાણ તા.૧૮.૦૩.૧૯ ના રોજ કાયમી ધોરણે રદ કરેલ.

૩.૪ પ્રતિવાદીએ તા.૨૪.૦૬.૨૦૧૯ ના રોજ વાદીને એપ્રિલ–૧૯ થી ઓગસ્ટ–૨૦૨૦ સુધીનું ૯૦ KW નું મીનીમમ વીજબીલ રૂા.૧,૬૦,૦૯૭/– નું આપેલ.

૩.૫ વાદીની રજુઆત છે કે નોટીફીકેશન નં.૪/૨૦૧૫ ની કલમ નં.૪.૧૦૨ પ્રમાણે પ્રતિવાદીએ પાંચ માસ માટે ૧૦ KW ની મીનીમમ બીલની વસુલાત કરી શકે.

૩.૬ પ્રતિવાદીએ ફોરમને રજુઆત કરેલ છે કે સપ્લાય કોડ ૪.૧૦૨ મુજબ વાદીને આપવામાં આવેલ બીલ વાદીએ ભરવાપાત્ર છે.

૩.૭ સપ્લાય કોડના કલોઝ નં.૪.૧૦૨ મુજબ –

*"If any Consumer terminates his Agreement within period of 2 years of the commencement of new or additional supply (or where no formal Agreement is tendered, if the supply is not utilized for the period of 2 years which would have been applicable if an Agreement has been tendered ), he he shall be liable to pay the minimum charges for each month short of the period of 2 years specified in the Agreement or the stipulated period of 2 years in absence of any formal Agreement".*
Reduction of load to the tune of 10% of the sanctioned load specified in the agreement ( formal or informal) should be allowed after 1 (One) year after the date of the agreement without recovering minimum charge for such reduced load for the period short of the period of 2 years.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૮ સદર કેસમાં વાદીએ તેના વીજ સ્થાપન પર કોઈ લોડ ઘટાડો માંગેલ નથી પરંતુ સપ્ટેમ્બર–૨૦૧૮ માં ૧૦ KW નો વધારો માંગી કુલ ૯૦ KW નું વીજજોડાણ કરાવેલ અને વાદીએ સદર ૯૦ KW નું વીજજોડાણ તા.૧૮.૦૩.૨૦૧૯ ના રોજ કાયમી ધોરણે રદ કરાવેલ. આથી વાદીએ સપ્ટે–'૧૮ માં કરાવેલ લોડવધારા પછી ૨ (બે) વર્ષ સુધી એટલે કે ઓગસ્ટ–૨૦૨૦ સુધી ૯૦ KW નાં વીજજોડાણનું મીનીમમ બીલ ભરવાપાત્ર થાયછે. આથી પ્રતિવાદીએ વાદીને સપ્લાય કોડનાં કલોઝ નં. ૪.૧૦૨ મુજબ આપેલ મીનીમમ વીજ વપરાશનું બીલ જે પ્રતિવાદી વસુલવા હકકદાર છે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૬ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

ગેરહાજર
**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એન. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૩.૧૧.૨૦૧૯**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar